# ગાંધીનગર ના પીંપળજ ખાતે આવેલ ગોએન્કા હોસ્પિટલમાં સમયસર સારવાર અને સર્જરી થતા મહિલા દર્દીને મળેલ જીવનદાન......

અમારા સગા શારદાબેન પટેલ ઉંમર વર્ષ ૫૪ ને તા.૧૧-૧-૨૦૧૨ના રોજ માણસા પાસે અક્સ્માત નડેલ અને તેમને માથાના ભાગે ગંભીર ઈજા થયેલ ત્યારબાદ તેમને ગાંધીનગરનાં પીપંળજ ગામ ખાતે આવેલ ગોએન્કા હોસ્પિટલમાં ખસેડવામાં આવેલાં તેમને હોસ્પિટલમાં લાવવામાં આવ્યાં ત્યારે તે બેભાન અવસ્થામાં હતાં. અને શ્વાસ પણ જાતે લઈ શક્તા ન હતાં. ગોએન્કા હોસ્પિટલમાં ફરજ પરનાં તબીબે તાત્કાલિક વેન્ટિલેટર પર મુકી સી.ટી.સ્કેન કરાવતાં તેમને મગજમાં મોટું હેમરેજ હોવાનું માલુમ પડ્યું ત્યારબાદ ગોએન્કા હોસ્પિટલનાં ન્યુરો સર્જને તેમને ઓપરેશન માટે જણાવ્યું અને તાત્કાલિક ઓપરેશન હાથ ધરવામાં આવ્યું.



ઓપરેશન બાદ તેમની હાલત સુધારામાં આવતી ગઈ. અને આજે લગભગ ૨ મહિના બાદ જે દર્દીની બચવાની પણ આશા ન હતી તે ગોએન્કા હોસ્પિટલના તબીબીની ખુબજ મહેનત બાદ આજે અમારી સામે બેઠા છે.

આ અમારા માટે ચમત્કાર છે. ભગવાનની દયા અને ગોએન્કા હોસ્પિટલના ડોક્ટરોની મહેનતને કારણે અમારા સગા શારદાબેન અમારી સાથે હયાત છે.

આ માટે અમે ગોએન્કા હોસ્પિટલનો તથા ડો.મનોજ કોડવાની (મેડીકલ એડમિનીસ્ટ્રેટીવ),ડો.નિકિતા પટેલ (મેડીકલ એડમિનીસ્ટ્રેટીવ),ડો.જીગ્નેશ જેઠવા (જનરલ સર્જન),ડો.કુંજન જોષી (એનેસ્થેટીક), ડો. હીના બારીયા (એનેસ્થેટીક), ડો. યોગેશ ચૌહાણ (એનેસ્થેટીક), ડો. નીરવ ચૌહાણ (એનેસ્થેટીક), ડો. આકાશ પટેલ (એનેસ્થેટીક),ના ખુબજ આભારી છીએ.આ ડોક્ટરોની અપાર મહેનતને પરિણામે આજે અમારા સગા અમારી સાથે છે.

ગોએન્કા હોસ્પિટલ અમદાવાદની મોટી હોસ્પિટલો ને સમકક્ષ છે. જેમાં 3 I.C.U, ૪ ઓપરેશન થિયેટર, વેન્ટિલેટર, ડાયાલિસિસ સેન્ટર, ૨૪ કલાક લેબોરેટરી, અને ફાર્મસી તેમજ અનુભવી અને સક્ષમ ડોક્ટરની ટીમ છે. અને આ હોસ્પિટલ ગાંધીનગર,માણસા,વિજાપુર જેવા શહેરથી માત્ર ૧૫ થી ૨૦ મિનિટનાં અંતરે છે. તથી અમારી બીજા નાગરીકો ને હોસ્પિટલ નો લાભ લેવા વિનંતી છે.